# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

શનિવાર ૪ ઓક્ટોબર, ૨૦૨૫



### આણંદ જિલ્લાની 5 પાલિકા સાથે નવરચિત તારાપુર પાલિકાની પણ ચૂંટણી યોજાય તેવી શક્યતા : ઉમેદવારી માટે રાજકીય આકાના શરણે

# તારાપુર પાલિકાનું સીમાંકન જાહેર : રાજકીય સળવળાટ શરૂ

**પાલિકાના** 6 વોર્ડ અને પ્રત્યેક વોર્ડના 4-4 સભ્યો એમ કુલ 24 સભ્યોનું માળખુ જાહેર કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા 3

આણંદ જિલ્લામાં એકમાત્ર તારાપુર તાલુકો જ એકપણ નગરપાલિકા વગરનો ઘણા વર્ષોથી ચર્ચાઓમાં રહ્યો છે. જોકે સોજીત્રા વિધાનસભા ચૂંટણી બાદ તારાપુર ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો મળે તે માટે રાજકીય આગેવાનો અને જાગૃત નાગરિકોએ વિશેષ રજૂઆતો કરી હતી. પરિણામ સ્વરૂપ સરકાર દ્વારા તારાપુર ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવાની જાહેરાત કરી હતી. સરકારનુ જાહેરનામું પ્રસિદ્ધ થતાં જ પ્રથમ વહીવટદાર તરીકે તારાપુર મામલતદારની નિમણુક કરવામાં આવી છે. નવરચિત તારાપુર પાલિકાની ચૂંટણીની પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતમાંથી પાલિકાનો દરજ્જો મળ્યે પ્રથમ ચૂંટણીનું વોર્ડ સીમાંકન જાહેર કરવામાં આવ્યું છે.જેમાં ૬ વોર્ડ અને પ્રત્યેક વોર્ડના 4-4 સભ્યો એમ કુલ 24 સભ્યોનું માળખુ જાહેર કરાયું છે.

તારાપુરમાં 2011ની વસ્તીના આધારે 17994 વસ્તી મુજબ વોર્ડ સીમાંકન જાહેર કરાયું છે. જેમાં 1એસીએસટી અને 6 પછાત વર્ગ અને સામાન્ય વર્ગ સ્ત્રી અનામત બેઠકોનો સમાવેશ થાય છે. આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરી માસમાં તારાપુર પાલિકાની પ્રથમ ચૂંટણી યોજાવાની શકયતા જોવાઇ રહી છે. જોકે હાલમાં નવરચિત તારાપુર પાલિકાની વોર્ડ રચનાની ઝડપથી કામગીરી પુર્ણ કરીને સીમાંકન જાહેર કરવામાં આવ્યુ છે. તારાપુર પાલિકામાં કુલ 6 વોર્ડ અને 24 સભ્યોનું માળખુ રચાયુ છે. પ્રથમ વોર્ડમાં 2808 , બીજા વોર્ડમાં 3067, ત્રીજાવોર્ડમાં 3293 , ચોથા વોર્ડમાં 2513 સામાન્ય, પાંચમા વોર્ડમાં 3118 અને છઠ્ઠા વોર્ડમાં 3194 વસ્તીના ધારા ધોરણો મુજબ સીમાંકન નક્કી કરાયુ છે.

જો કે જાહેર કરાયેલા સીમાંકનમાં વર્ષ 2011 ની વસ્તીના આધારે વોર્ડ રચના કરવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે. જેથી જાન્યુઆરીમાં સંભવિત નવરચિત પાલિકાની પ્રથમ ચૂંટણી યોજવા ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. જ્યારે પાલિકાના સીમાંકન જાહેર કરાતા જ રાજકીય ગતિવિધીઓ તેજ થઈ છે.

#### ક્યા વોર્ડમાં કઇ બેઠક ફાળવવામાં આવી ?

| વોર્ડ નંબર | વસતી | પહેલી બેઠક (સ્ત્રી) | બીજી બેઠક (સ્ત્રી) | ત્રીજી બેઠક | ચોથી બેઠક |
|---|---|---|---|---|---|
| 1 | 2809 | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| 2 | 3067 | પછાત વર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| 3 | 3293 | પછાત વર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| 4 | 2513 | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| 5 | 3118 | પછાત વર્ગ | સામાન્ય | અનુ. જાતિ | સામાન્ય |
| 6 | 3194 | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |

#### વોર્ડ રચનામાં સમાવિષ્ટ સંભવિત વિસ્તાર

**વોર્ડ 1:** મોટું તળાવ વિસ્તાર, ખંભાત રોડ, નાની ચોકડી વિસ્તાર, અંબિકા રાઇસ મિલ, ગોપાલક સોસાયટી, મોરજ રોડ વિસ્તાર, રણછોડરાય સોસાયટી પાછળનો વિસ્તાર, શિવશકિત પાર્ક, રાધાબાગ સોસા., શુકન બંગ્લોઝ, સ્વપ્નમહેલ સોસા., કૃષ્ણનગર સોસા., ભકિત નગર,| શિવશકિત (સંતોષનગર સોસા.), રાઇસ મિલ, સિંચાઈ ઓફિસ, ભરવાડની ઝોક, હોટલ શ્રીનાથ, હોટલ લક્ષ્મી, રાજ મોહનપુરા, ગાડીયા પરુ, ચામુંડા મંદિર

**વોર્ડ 2:** રાજવાપરુ, વાટાનો સીમ વિસ્તાર, રાજવા પ્રા.શાળા, સોજીત્રા રોડ વિસ્તાર, મહાવીર સોસાયટી, સિતારામ રાઈસ મીલ, ઓમ શાંતિ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, ટાઢા હનુમાન મંદિર, બળિયાદેવ મંદિર, શિવ હાઉસિંગ સોસાયટી, ઇન્દિરા આવાસ, બિલાલ નગર, પોલીસ ક્વાર્ટસ, મહંમદી સોસા., આશિયાના સોસા.,મામલતદાર કચેરી, ઈન્દિરા કોલોની વિસ્તાર, હોટલ ભવાની, હોટલ મુરલીધર, નહેર વિસ્તાર

**વોર્ડ 3 :** નાનો બારોટવાડો, કુમારશાળા પાછળ, ટેકરી ફળિયુ, ભાથીજી ફળિયું, મોટું ફળિયું, વાલ્મિકીવાસ (ગણેશ નગર સોસા.), રોહિતવાસ, પોલીસ લાઈન, પોલીસ લાઈન બહારના છાપરા, વાલાભાઈની ખડકી પાછળ, બારોટની ખડકી, વિરોલા ફળી, લીમડી ચોક વિસ્તાર, નાનો વણકરવાસ, મદની ચોક, મૌલવી ફળિયું, ભીમનાથ મહાદેવ, જૈન દેરાસર, બુટ ભવાની મંદિર, નેપાળા ફળિયું, વિરોલા ફળિયું, ધોબી ફળિયું

**વોર્ડ 4:** જલારામ સોસાયટી, ગાયત્રી નગર, જીવનધારા સોસાયટી 1અને 2, ગોકુલ નગર, સ્વામિનારાયણ સોસા., રણછોડરાય સોસા., ઘનશ્યામનગર સોસા., એકતા નગર, સહાદત હોસ્પિટલ, ખાડો સોસાયટી, કિસ્મત કોલોની

**વોર્ડ 5:** કસ્બા વિસ્તાર, રબારીવાસ, ચુનારા વાસ, ધર્મશાળા, પ્રજાપતિ નિવાસ, છીપવાડ, કાળકા માતાજીનું મંદિર, પંચાલ ફળિયું, વ્હોરવાડ, તકીયા, મોચી ફળિયું, મંદિર ફળિયું, સાંસેદા ખડકી, સુથાર ફળિયું, તલાટીની ખડકી, પાળજા ખડકી, દરવાજા ખડકી, આંટીયા ખડકી, રેવનદાસની ખડકી, ધર્મદાસની ખડકી, શાક માર્કેટ, રાવળવાસ, શિરોયા ફળી, વાળંદ ફળી, દેવજી ફળી, દિક્ષિત ફળિયું

**વોર્ડ 6:** રેલ્વે સ્ટેશન વિસ્તાર, સોમનાથ મહાદેવ, હાઈસ્કૂલ, સરકારી દવાખાનું, રમણભાઈનું જીન, બારોટવાડો, અમિત ખડકી, સાત પરા, ગામડીયા ફળિયું, મોટો વાલ્મિક વાસ, ખ્રિસ્તી મહોલ્લો ચર્ચ પાસે, ઊંડી ખડકી, પંડયા ફળી, શિરોયા ફળી, પરમાર ફળી, ગણેશ ફળી.

# નડિયાદમાં ઢોર પકડ ટીમ અને ઢોર માલિકો વચ્ચે સાંઠગાંઠનો આક્ષેપ

**ઢોર વિભાગની** ટીમની હાજરીમાં જ માલિકો ઢોર ભગાડી જતા હોવાનો સૂર

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

નડિયાદ મહાનગરપાલિકાની ઢોર પકડ ટીમ અને ઢોર માલિકો વચ્ચે મનમેળાપ થઈ ગયો હોય, તેવા દ્રશ્યો શહેરભરમાં જોવા મળી રહ્યા છે. શહેરના મુખ્ય રોડ પરથી રખડતા ઢોર ઓછા થયા છે, પરંતુ ગામતળ વિસ્તારને બાદ કરતાં અન્ય તમામ વિસ્તારોમાં રખડતા ઢોરોનો જમાવડો છે, આવા સ્થળોએ ઢોર પકડની ટીમ જાય, તેવા સંજોગોમાં ઢોર માલિકો પણ તેમની સાથે જોવા મળી રહ્યા છે. જ્યાં ટીમની હાજરીમાં ઢોરોને તેમના માલિક ભગાડીને સોસાયટીઓ અને ફળિયામાં મોકલતા દેખાઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ નડિયાદ શહેરમાં ઢોર પોલીસીની વચ્ચે હજુ પણ અનેક મામલે મહાનગરપાલિકાની કામગીરી નબળી દેખાઈ રહી છે. રખડતા ઢોરોને ટેગ મારવાથી માંડી અને અનેક બાબતોમાં હજુ મનપાની કોઈ કામગીરી દેખાતી નથી. ઢોર નોંધણીમાં પણ મનપાએ કાચુ કાપ્યુ છે. જો કે, મુખ્ય ગણાતા સંતરામ રોડ પર ઢોરોનો જમાવડો પ્રમાણમાં ઓછો થયો છે. પરંતુ અન્ય આંતરીક માર્ગો અને ગામતળની બહારના તમામ જાહેર માર્ગો પર હજુ પણ ઢોરોનો આતંક યથાવત છે. તેમાંય રખડતા ઢોરની ટીમ હવે શહેરમાં જ્યાં પણ ઢોર પકડવા પહોંચે, તે સમયે તેમની સાથોસાથ જ રખડતા ઢોર માલિકો આવી જાય છે. તેમજ માલિકો આ ટીમની હાજરીમાં જ ઢોરોને જોખમી રીતે દોડાવીને ફળિયા અને સોસાયટીઓમાં મોકલી રહ્યા છે. શહેરના ફતેપુરા રોડ, ચકલાસી ભાગોળ, મહાગુજરાત સર્કલ, જેક એન્ડ જેલ સ્કૂલ, મીલ રોડ સર્કલ, સંત અન્ના ચોકડીની આસપાસનો વિસ્તાર સહિત શહેરભરમાં આ પરીસ્થિતિ સર્જાઈ છે. ત્યારે ઢોર ટીમની આ કામગીરી સામે અનેક પ્રશ્નો સર્જાયા છે. આ મામલે ઉચ્ચાધિકારીઓ દ્વારા યોગ્ય કાર્યવાહી કરાય તેવી માંગણી પ્રબળ બની છે.

શહેરમાં જે રીતે ઢોર માલિકો પોતાના ઢોરને રોડ પર દોડાવી અને ફળિયા અને સોસાયટીઓમાં ઘુસાડવાની પ્રવૃતિ કરી રહ્યા છે. જેથી એકલ દોકલ વ્યક્તિ હડફેટે ચડવાનો પણ ભય ઉભો થયો છે.

#### પોલીસ પ્રોટેક્શન માંગ્યુ છેઃ ઢોર અધિકારી

આ સમગ્ર મામલે ઢોર વિભાગના અધિકારી દિક્ષિતભાઈ પટેલ સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે, અમારી ટીમ કાર્યવાહી માટે જાય તે સમયે ઢોર માલિકો ટોળા સાથે હાજર હોય છે, જેથી હવે અમે પોલીસ પ્રોટેક્શન પણ માંગ્યુ છે. તે બાદ પ્રોટેક્શન સાથે જ ઢોર હટાવવાની કામગીરી કરાશે.

## ઝાંખરીયા પાસે વાહનની હડફેટે આધેડનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા.3

આણંદના ઝાંખરીયા - નાવલી રોડ પર અજાણ્યા વાહનની હડફેટે વૃદ્ધનું મોત નિપજ્યું હતું.

આણંદ ઝાખરીયા નાવલી રોડ પર રાકેશ પોલ્ટ્રી ફાર્મ નજીક કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી ધસી આવી રાહદારી આધેડને હડફેટે ચડાવ્યાં હતા.જેમા આધેડને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હતી. તો બીજી તરફ ભોગ બનનારના પરિજનો પણ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતા.તે સ્થિતિમાં આધેડને 108 મારફતે સારવાર અર્થ લઈ જતા રસ્તામાંજ ડોકટરે મંગળભાઇ શાંતિલાલ ઉ.વ.45 રહે. નાવલીને મરણ જાહેર કર્યા હતા. જે અંગે મૃતકના પુત્ર અશોકભાઇ મંગળભાઈએ અજાણ્યા વાહન ચાલક સામે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

# વિદ્યાનગર : સગીરાના ફોટા પાડી વિધર્મી યુવકે દૂષ્કર્મ ગુજારાયું

**આણંદ** સ્થાનિક ગુના શોધક શાખાએ વધુ તપાસ માટે રિમાન્ડ મેળવ્યાં

(પ્રતિનિધિ) આણંદ, તા.3

વિદ્યાનગરમાં વિધર્મી શખસ દ્વારા સગીરાના બિભત્સ ફોટા પાડી બ્લેકમેઈલ કરી દૂષ્કર્મ ગુજારવાનો બનાવ બન્યો છે.

બાકરોલ ત્રિવેણી સંગમ સોસાયટીમાં છેલ્લા બે વર્ષથી રહેતો મોહમ્દ કૈફ ખાન (મુળ ઉત્તરપ્રદેશ) રહેતો હતો. એક વર્ષ પહેલા શાસ્ત્રી મેદાન ખાતેની કોન્સર્ટમાં સગીરા સાથે સંપર્કમાં આવ્યો હતો. મોહમ્દ કૈફે સગીરા સાથે વિડીયો કોલ કરી વાતચીત થતી હતી.જેનું મોહમ્દ કૈફે રેકોર્ડીંગ કરી લીધુ હતુ. સગીરા ભણવા આવતી ત્યારે મોહમ્દ કૈફ ખાન તેને મળવા જતો હતો. તે સ્થિતિમાં મોહમ્દ કૈફ ખાન તેને પીવીઆર સોલારીસ મોલમાં લઈ ગયો હતો. અને તેના પાર્કીંગમાં સગીરાના બિભત્સ ફોટા પાડયા હતા. બાદમાં મોહમ્દ કૈફ ખાને બ્લેકમેલીંગની ગંદી રમત શરૂ કરી હતી.તે સગીરાને ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હતો અને પૈસા પણ પડાવતો હતો. સગીરાના મમ્મીના ખાતામાંથી તેણે રૂ.30 હજાર પડાવ્યા હતા. 14મી ફેબ્રુઆરી, 2025 ના રોજ કામ્યા હોસ્ટેલ પાસે મિત્રના ફલેટમાં સગીરાને બોલાવી તેણે દુષ્કર્મ ગુજાર્યું હતું અને ફરી સગીરાના બીભત્સ ફોટા પાડયા હતા.જો કે મોહમ્દ કૈફ ખાનની આ હેવાનીયત અને બ્લેકમેલીંગથી ત્રસ્ત થઇ જતા સગીરાએ વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તપાસ એલસીબીને સોંપી હતી. જેથી પોલીસે મોહમ્દકૈફની ધરપકડ કરી હતી. આ અંગે પોકસો અને બળાત્કાર સહિતની ગુનાખોરી અંર્તગત એલસીબીએ તપાસ ચલાવી હતી. જે અંગે પોલીસે આરોપીના રિમાન્ડ લઈને પુછપરછ કરી હતી. તે સાથે આરોપીનો મોબાઈલ તપાસ અર્થે એફએસએલમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે ગુનામાં વપરાયેલી ગાડી રિકવર કરવાની સાથે ગુનાહિત કૃત્યના મદદગારોની તપાસ હાથ ધરી છે. હાલ મોહમ્દ કૈફના રિમાન્ડ પૂર્ણ થતા કસ્ટડીમાં મોકલી દેવાયો છે.

## નડીયાદ સ્થિત કંપની સાથે સવા બે કરોડની છેતરપિંડી

**વિશ્વાસુ** પેઢીને ઉધારી આપવી ભારે પડી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

નડીયાદમાં હિંગનો વેપાર કરતી એફ કે એગ્રો એક્ષ્પોર્ટસ પ્રા.લિ કંપની સાથે કરોડોની છેતરપિંડી કરવામાં આવી છે.

નડીયાદમાં રહેતા અબ્દુલ્લાખાન પઠાણની મરીડા રોડ પર એફ કે એગ્રો એક્ષ્પોર્ટસ પ્રા.લિ કપંની આવેલી છે. જે કંપનીમાં તેઓ હિંગ લે વેચનો વેપાર કરે છે. તેમના કાયમી ગ્રાહક શુભ ફુડ ઈન્ડ્રસ્ટ્રીઝ પ્રા. લી ભિવંડી,મહારાષ્ટ્રના ડિરેકટર ગૌરવ હરીશ ગંભીર અને નીતુ ભુપેન્દ્ર શાહ તેમની કંપની પર માલસામાન ખરીદવા આવ્યાં હતા. જે અન્વયે તેઓએ આખો દિવસ કંપનીમાં રોકાઇ માલનું ચેકીંગ કરી 1800 કિગ્રા હીંગ ખરીદવાનો ઓર્ડર કર્યો હતો. જે માલ પેટેના 2.79 કરોડ પાંચ મહિનાની અંદર પુરેપુરા ચુકવી આપવાનો વાયદો કર્યો હતો. જોકે, કાયમી ગ્રાહક હોવાને લીધે અબ્દુલ્લાખાને શુભ ફુડ ઈન્ડ્રસ્ટ્રીઝને માલ મોકલી આપ્યો હતો. બાદમાં શુભ ફુડ ઈન્ડ્રસ્ટ્રીઝે બીજો 500 કિલો હીંગનો ઓર્ડર કર્યો હતો. એટલે કુલ 2300 કિલો હિંગ ના 3,21,61,500 નો માલ ઉધારીમાં આપ્યો હતો.જે પેટે શુભ ફુડ ઈન્ડ્રસ્ટ્રીઝે એક કરોડ પાંચ લાખ રૂપીયા આપ્યાં હતાં. જ્યારે બાકીના રૂ.2,16,30,870 ની બાકી નીકળતી રકમ અંગે અબ્દુલ્લાખાને અવાર નવાર માગણી કરવા છતા વાયદાઓ બતાવ્યા હતા. આ અંગે અબ્દુલ્લાખાને શુભ ફુડ ઈન્ડ્રસ્ટ્રીઝ પ્રા.લી ભિવંડીના ડિરેકટર ગૌરવ હરીશ ગંભીર અને નીતુ ભુપેન્દ્ર શાહ સામે નડીયાદ ટાઉન પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી.

# નડિયાદ શહેરમાં મોડી સાંજે મનપાની ટીમ દબાણો પર ત્રાટકી

**સોશિયલ** ક્લબથી કબ્રસ્તાન ચોકડી તરફની દુકાનોના ગેરકાયદેસર શેડ અને ઓટલા તોડી પડાયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

નડિયાદ મહાનગરપાલિકાની દબાણ વિભાગની ટીમે વધુ એકવાર શહેરમાં સપાટો બોલાવ્યો છે. શહેરના સોશિયલ ક્લબથી કબ્રસ્તાન ચોકડી તરફના રોડ પર આવેલી દુકાનોના ગેરકાયદેસર ઓટલા અને શેડના દબાણ સંપૂર્ણ પણે નેસ્તોનાબૂદ કરાયા છે.



નડિયાદ મનપાની દબાણ વિભાગની ટીમ જેસીબી અને અન્ય મશીનો સાથે મોડી સાંજે સોશિયલ ક્લબ રોડ પર પહોંચ્યા હતા. જ્યાં આખા રોડ પર દુકાનદારો દ્વારા ગેરકાયદેસર રીતે 15થી 20 દુકાનોની બહાર ઓટલા બનાવી અને શેડ માર્યા હતા, તે તમામ શેડ દૂર કરાયા છે. તેમજ ઓટલાના દબાણો પણ જેસીબીથી તોડી નાખવામાં આવ્યા છે. આ સાથે જ દબાણ વિભાગ અને સેનેટરી વિભાગની ટીમે ગંદકી બદલ અત્રે 25 હજાર ઉપરાંતનો વહીવટી ચાર્જ દુકાનદારો પાસે વસુલ કર્યો છે.

#### નોનવેજ રોડ પર બનાવતા આંખમાં બળતરાનો પ્રશ્ન

લાંબા સમયથી અત્રે નોનવેજની દુકાનદારો દ્વારા દુકાનોની બહાર પોતાના સઘડા કાઢી અને બહાર જ નોનવેજ બનાવાતુ હતુ. મોડી સાંજે લોકોને અત્રેથી પસાર થવાનું હોય તેવા સમયે નોનવેજ બનાવવાનું ચાલુ હોય, આખા રોડ પર તેની ગંધ અને સાથોસાથ વઘારના કારણે આંખોમાં બળતરાની સ્થિતિ સર્જાતી હતી. જે તમામ સઘડા સહિત આ દુકાનદારોના રસોડા અંદર લેવડાવ્યા છે.

#### વાણિયાવાડ સર્કલ પાસે એક તરફનું દબાણ યથાવત

શહેરના સૌથી વ્યસ્ત ગણાતા વાણિયાવાડ સર્કલ પર ચોકડીની ત્રણ બાજુના દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરાયો છે. જેમાં સર્કલથી કોલેજ રોડ જવાનો રસ્તો, સર્કલથી કિડની તરફ જવાનો રસ્તો અને સર્કલથી મહાગુજરાત તરફ જવાનો રસ્તો ખુલ્લો કરાયો છે. પરંતુ સર્કલથી વાણિયાવાડની સોસાયટીઓ તરફ બંને સાઈડે દબાણો છે. અત્રે વગદાર લોકોના દબાણ હોવાથી દૂર ન કરાતા હોવાની શહેરીજનોમાં રાવ ચાલી રહી છે.

આ રોડ પર દબાણનો કાયમી પ્રશ્ન હતો, જેને ઉકેલવા માટે તંત્રએ સપાટો બોલાવ્યો છે. મહાનગરપાલિકાના કમિશ્નરના ધ્યાને આ મુદ્દો આવ્યા બાદ તેમણે કાર્યવાહીના આદેશ આપ્યા હતા. હવે અત્રે પુનઃ દબાણો ન થાય તે માટે દુકાનદારોને તાકીદ કરી છે.

## લસુન્દ્રામાં રસ્તા પર ડીજે વગાડતા ટોળાનો હુમલો

ગામના સરપંચ પતિ સહિત 24 જેટલા શખસોએ ડીજે અને વાહનમાં તોડફોડ કરી

(પ્રતિનિધિ) કઠલાલ તા.3

કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામમાં ઘર પાસે રસ્તા પર ડીજે વગાડવાના મુદ્દે 24 જેટલા શખસોના ટોળાએ લાકડી સહિત હથિયારોથી હુમલો કર્યો હતો. જેમાં પથ્થરમારો કરી વાહનોમાં તોડફોડ પણ કરી હતી.

લસુન્દ્રા ગામમાં જૂન માસમાં યોજાયેલી સરપંચની ચૂંટણીમાં કમળાબહેન હિંમતભાઈ સોઢા પરમાર ચૂંટાઇ આવ્યાં હતાં. જોકે, તેમની સામે ચૂંટણી લડનારા રાધાબહેન હાર્યાં હતાં. આ મુદ્દે ગામમાં છેલ્લા કેટલાક સમયથી માથાકુટ ચાલતી હતી. દરમિયાનમાં 2જી ઓક્ટોબરના રોજ દશેરાના તહેવાર નિમિત્તે ડીજે મંગાવી કુવાવાળા ચોકમાં ગરબાનો કાર્યક્રમ યોજ્યો હતો. પરંતુ સરપંચના પતિ હિંમત ઉદાભાઈ સોઢા પરમાર સહિતના વીસેક વ્યક્તિએ ઉશ્કેરાઈને લાકડી, લોખંડની પાઈપ સહિતના હથિયારોથી હુમલો કર્યો હતો. આ હુમલાથી ગરબા રમતા ગ્રામજનોમાં નાસભાગ મચી ગઇ હતી. બીજી તરફ હુમલાખોરોએ ડીજે સહિતના વાહનો પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. જેમાં મહિલાઓ પણ ઘવાઈ હતી. આ અંગે કઠલાલ પોલીસે સરપંચ પતિ હિંમત ઉદા સોઢા પરમાર સહિત 24 વ્યક્તિ સામે ગુનો નોંધ્યો હતો.

આ ઘટનાથી ગામમાં ઘેરા પડઘા પડ્યાં હતાં. હાલ ઘાયલોની સારવાર ચાલી રહી છે. જ્યારે પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

# આણંદ જિલ્લામાં છેલ્લા નવ મહિનામાં 17 હજારને શ્વાન કરડ્યાં

**ગયા** વરસે 21 હજાર વ્યક્તિ શ્વાનના ઝપટે ચડતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.3



આણંદ જિલ્લામાં શ્વાન કરડવાના બનાવોમાં દિવસે દિવસે વધારો થતો જાય છે, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન જોવામાં આવે તો સતત વધારો થયો છે. તેમાં ચાલુ વરસે નવ મહિના દરમિયાન જિલ્લામાં 17 હજાર વ્યક્તિને શ્વાન કરડ્યાં છે. જેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. હાલ આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વનો સૌથી ઘાતક અને ચેપી રોગ હડકવા વિશે જાગૃતિ લાવવા અને તેના નિવારણ અને નિયંત્રણના પ્રયાસોને વધારવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.

આણંદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા હડકવાના રોગ અંગે જનજાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યાં છે. પરંતુ જિલ્લાના છેલ્લા ત્રણ વર્ષના આંકડા પર નજર કરવામાં આવે તો શ્વાન અને અન્ય પ્રાણી કરડવાના બનાવોમાં વધારો થયો છે. વર્ષ 2023માં 14 હજાર સામે વર્ષ 2025ના માત્ર નવ મહિનામાં 17 હજાર વ્યક્તિ શ્વાન કરડવાનો ભોગ બન્યાં છે. જોકે, તેમને સમયસર સારવાર અપાઇ અને હડકવા વિરોધી રસી મુકવામાં આવતાં હાલ તેવો ભયમુક્ત છે.

આણંદ જિલ્લા આરોગ્ય વિભાગના જણાવ્યાનુસાર, રેબીઝ રોગ વિશે જાગૃતિ લાવવા માટે વૈશ્વિક સ્તરે ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ 'વન હેલ્થ' અભિગમ હેઠળ રેબીઝ નાબૂદીમાં થયેલી પ્રગતિ પર પણ ભાર મૂકે છે. આ વર્ષની થીમ 'હવે કાર્ય કરો : તમે, હું, સમુદાય' રોગના સંચાલનમાં આવતા અવરોધોને દૂર કરવા, આંતર-ક્ષેત્રીય સહયોગને મજબૂત બનાવવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને વર્ષ ૨૦૩૦ સુધીમાં રેબીઝને નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે લોકોમાં જાગૃતિ વધારવા પર ભાર મુકાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હડકવા જીવલેણ વાયરસ છે, જે એક વાર વાયરસની અસર મગજમાં પહોંચી જાય તો તેની સારવાર શક્ય નથી અને આ સ્થિતિમાં પીડિતનું બચવું પણ શક્ય નથી. તબીબોના મતે, જો ચેપગ્રસ્ત પ્રાણીના કરડવાના 8 થી 10 દિવસમાં એન્ટિ-રેબીઝ રસી સહિતની સારવાર જરૂરી છે.

#### આણંદમાં 3 વર્ષમાં પ્રાણી કરડવાના બનાવો

| વર્ષ | શ્વાન કરડ્યાં | અન્ય પ્રાણી કરડ્યાં |
|---|---|---|
| 2023 | 14 ,040 | 417 |
| 2024 | 21 ,238 | 604 |
| 2025 | 17 ,419 | 702 |

(સ્ત્રોત : આણંદ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ)


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225